

રાણીપ અંધ કન્યા ગૃહમાં એક જોડાના લગ્ન યોજાયા હતા તે પ્રસંગની તસવીર.

# ચિખલા ગામ પાસે ટ્રેક્ટર પરથી કૂદી પડતાં એકનુ મોત

ખેડબ્રહ્મા, તા. ૮

ખેડબ્રહ્મા તાલુકાના ચીખલા ગામ પાસે એક ટ્રેક્ટર ચાલકે પોતાનુ કબજાનું ટ્રેક્ટર ગફલતભરી રીતે ચલાવી રોડ સાઈડમાં ઉતારી દેતા ટ્રેક્ટરમાં બેઠેલ એક ઈસમ કુદકો મારી જીવ બચાવવા જતાં ગંભીર ઈજાઓ પહોંચતા મોત નિપજવા પામ્યું હતુ. આ સંદર્ભે ખેડબ્રહ્મા પોલીસસ્ટેશનમાં ફરીયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્મા પોલીસસ્ટેશનમાંથી મળતી વિગતો અનુસાર ખેડબ્રહ્માના જીતુભાઈ પુંજાભાઈ પટેલ ગુરૂવારના રોજ ટ્રેક્ટર નંબર જીજે-૨એલ૮૨૬૪ને ગફલતભરી રીતે હંકારી સામેથી આવતી જીપનો બચાવ કરવાજતાં ટ્રેક્ટર ઉપરનો કાબુ ગુમાવી દીધો હતો. જેથી ટ્રેક્ટર ટ્રોલી સાથે રોડની સાઈડમાં ઉતરી પડ્યુ હતુ. દરમ્યાન ટ્રેક્ટરમાં બેઠેલ દાંતા તાલુકાના સાઢુસા ગામનો જેઠાભાઈ મોળાભાઈ ડાભી મોત સામે દેખાતા ટ્રેક્ટર ઉપરથી જીવ બચાવવા માટે કૂદકો માર્યો હતો જેથી જમીન ઉપર પટકાઈ જતા ટ્રેક્ટર અને ટ્રોલીથી ગંભીર ઈજાઓ પહોંચતા મોત નિપજ્યું હતું.

આ અંગે દાંતા તાલુકાના સાઢુસા ગામના ડાભી મુળાભાઈ ભીમાભાઈએ ટ્રેક્ટર ચાલક જીતુભાઈ પટેલ વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



અમરાઈવાડીમાં અપહરણ કેસના મામલામાં સાહસ દર્શાવનાર બાળકનું સીપી ઓફિસમાં સન્માન કરવામાં આવ્યું હતું.

# પ્રાંતિજના ફતેપુરમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર

## પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય દ્વારા લેખિતમાં રજુઆતો આરોગ્ય કેન્દ્ર મંજૂર થયું

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ-તલોદ તાલુકાના ધારાસભ્ય દ્વારા ફતેપુર ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરાવતા ફતેપુર તથા આજુબાજુના લોકોમાં હર્ષની લાગણી જોવા મળી છે. અને આવનાર દિવસોમાં ફતેપુર તથા આજુબાજુના વિસ્તારના લોકોને આરોગ્ય લગતી સેવાઓ ઝડપથી મળી રહેશે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ તાલુકાના ફતેપુર, હરસોલ, મોહનપુર આમ ત્રણ ગામોને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મળી રહે તે માટે પ્રાંતિજ-તલોદના કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા ૯-૧૨-૨૦૧૪ના દિવસે આરોગ્ય મંત્રીને લેખિતમાં રજુઆતો કરી હતી. તે સંદર્ભે ગુજરાત સરકારના આરોગ્ય મંત્રીએ તેમની રજુઆતો ધ્યાનમાં લઈ ફતેપુર, હરસોલ, મોહનપુર એમ ત્રણ પૈકી ફતેપુર ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (પી.એચ.સી.) મંજૂર થતાં ફતેપુર ગામમાં હર્ષની લાગણી જોવા મળી હતી. જ્યારે ગ્રામજનોને તાત્કાલિક પ્રાથમિક આરોગ્ય લક્ષી સેવાઓ મળી રહેશે અને સમય અને પૈસાનો બચાવ થશે. આમ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા પ્રાંતિજ-તલોદ વિસ્તારમાં રોડ, રસ્તા સિંચાઈના કામો તેમજ ખેડૂતોના પ્રશ્નો તથા વિકાસના કામોમાં સતત પ્રયત્નશીલ રહે છે. જેને કારણે તલોદ-પ્રાંતિજમાં એક પછી એક વિકાસના કામો થઈ રહ્યા છે.

# ઈજનેરી ફાર્મસીમાં પ્રવેશ માટે ટૂંકમાં જાહેરનામુ જારી

## ઇજનેરી, ફાર્મસી અને આર્કિટેકની ૭૭૦૦૦ બેઠક પર પ્રવેશ ફાળવવાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે

અમદાવાદ, તા.૮

રાજયમાં પરીક્ષાઓનો માહોલ શાંત થયા બાદ હવે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવાની ગણતરીઓ કરાઈ રહી છે ત્યારે એડમિશન કમિટી ઓફ પ્રોફેશન કોર્સીસ દ્વારા રાજયમાં આવેલી ઈજનેરી-ફાર્મસી અને આર્કિટેકની ૭૭,૦૦૦ જેટલી બેઠક માટે પ્રવેશ પ્રક્રિયાનું નોટિફિકેશન આગામી સપ્તાહમાં બહાર પાડવામાં આવે તેવી પ્રબળ શક્યતા છે.

પ્રાપ્ત થતી માહીતિ મુજબ રાજયમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરીણામ આગામી ૨૫ મી મેના રોજ જાહેર કરવામાં આવનાર છે. ત્યારે આ પરીણામ જાહેર થાય તે પહેલાજ રાજયમાં આવેલ ઈજનેરી ફાર્મસી અને આર્કિટેકટની ૭૭,૦૦૦ જેટલી બેઠકો ઉપર શૈક્ષણીક વર્ષ ૨૦૧૫-૧૬ માટે પ્રવેશ ફાળવવાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. એડમિશન કમિટી ઓફ ટેકનિકલ કોર્સિસ દ્વારા આ અંગે નોટિફીકેશન આગામી સપ્તાહમાં બહાર પાડવામાં આવે તેવી પ્રબળ શક્યતા છે.

આ અંગે રાજયમાં ઉચ્ચ ટેકનિકલ શિક્ષણ કમિશનરે જણાવ્યું હતું કે પ્રવેશ માટે નોટિફિકેશન બહાર પાડયા બાદ જ આ વર્ષે ઈજનેરી-ફાર્મસીમાં પ્રવેશ માટે કઈ પધ્ધતી અપનાવવામાં આવશે તેની સ્પષ્ટતા કરવામાં આવશે અત્યારે રાજયમાં ફાર્મસી, ઈજનેરી અને આર્કિટેકસના અભ્યાસક્રમની કુલ ૨૬૫ કોલેજો આવેલી છે. જેની કુલ મળીને ૭૭,૦૦૦ બેઠકો થવા પામે છે. આ બેઠકો ઉપર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે અત્યારે નોટિફિકેશનની જાહેરાત અને પ્રવેશ પ્રક્રિયાના નિયમો ઘડવાની કાર્યવાહી અંતિમ તબક્કામાં છે ઉલ્લેખનીય છે કે, રાજયમાં ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે ફરજીયાત એવી જીઈઈ-મેઈન્સની ની પરીક્ષા પણ લેવાઈ ચુકી છે.

જેમાં રાજયના ૧.૩ લાખ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જો કે ૭૦ હજારથી ઓછા વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ઉતિર્ણ થયા છે. ત્યારે ચાલુ વર્ષે ખાનગી કોલેજોમાં ઈજનેરી અને ફાર્મસીની બેઠકો ખાલી રહે તેવી શક્યતા વર્તાઈ રહી છે. જો કે બેઠકા ભરવા માટે પ્રવેશ સમિતિ દ્વારા જેઈઈ-મેઈન્સના નિયમનાં બાંધછોડ કરાય તેવી શક્યતાઓ પણ નકારી શકાતી નથી.

## તલોદ-પ્રાંતિજ પંથકમાં લગ્નસરાની મૌસમ પૂરબહારમાં

તલોદ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના તલોદ અને પ્રાંતિજ તાલુકામાં અત્યારે લગ્નની મૌસમ પૂરબહારમાં ખિલી ઉઠી છે. એક તરફ કાળઝાળ ગરમી અને બીજી તરફ સતત વધતી જતી મોંઘવારી છતાં ઝાકમઝોળ લગ્નોની હરિફાઈ ચાલી રહી હોય તેવો માહોલ ખડો થયો છે. બંને તાલુકામાં વ્યક્તિગત લગ્નપ્રસંગો ઉપરાંત સમુહલગ્નોના પણ પુષ્કળ આયોજનો જોવા મળી રહ્યા છે. તાજેતરમાં તલોદ તાલુકાના વાવના વિશેશ્વર મંદિરે વણકર સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. આગામી દિવસોમાં હરસોલ ખાતે બાવીસા-પરગણા રોહિતસમાજ અને પ્રાંતિજ તાલુકામાં ઠાકોર સમાજ તેમજ સાંપડ મુકામે દલિત રોહિત સમાજનો પણ સમૂહ લગ્ન યોજાનાર છે. આ સમૂહ લગ્નોમાં વરઘોડીયાઓને મોટરકાર સુધીની મોંઘીદાટ ભેટો પણ આપવામાં આવી રહી છે.

## સાબલવાડમાં બે પશુને મોતને ઘાટ ઉતારાયા

ઈડર તાલુકાના સાબલવાડા ગામે રહેતા ભરતભાઈ પશાભાઈ પટેલના બોરકૂવા પર બાંધેલ એક ભેંસને તા.૬ મેની રાત્રે અજાણ્યા શખ્સોએ તિક્ષ્ણ હથિયારથી ઈજા પહોંચાડી હતી. શૈલેષભાઈના કૂવા પર બાંધેલ એક ગાયને પણ અજાણ્યા શખ્સોએ ઈજા પહોંચાડી હતી. જેના કારણે પશુના મોત નિપજયા હતા. જે અંગે ભરતભાઈ પટેલે ગુરૂવારે ત્રણ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## કડીયાદરાના પ્રૌઢ ગુમ થતા ફરિયાદ

ઈડર તાલુકાના કડીયાદરા ગામે રહેતા જગુભાઈ ગલબાભાઈ પટેલ (ઉ.વ.૬૫) તા.૫ મેના રોજ ઘરેથી રાત્રે જતા રહ્યા હતા. ત્યારબાદ પરિવારજનો દ્વારા શોધખોળ કરવામાં આવી હતી. તેમ છતાં કોઈ પત્તો ન મળતા તેમના પુત્ર મનુભાઈ પટેલે ઈડર પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

## રાધીવાડ ગામ પાસેથી મળેલ મૃતદેહ ઓળખાયો

ખેડબ્રહ્મા,તા. ૮

ખેડબ્રહ્મા તાલુકાના રાધીવાડ ગામ પાસેથી બુધવારની સાંજે એક અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગે રાધીવાડના મનહરસિંહ ગંભીરસિંહ ચૌહાણે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસે આકસ્મિક મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. કાન્તીભાઈ કોદરભાઈએ જણાવ્યું હતું કે આ મૃતદેહ વડાલી તાલુકાના વાડોઠ ગામના ઠાકોર નરેશભાઈ ડાહ્યાભાઈ (ઉ.વ.૩૪)ની હોવાનુ તપાસમાં બહાર આવ્યુ હતુ અને મૃતક હીસ્ટેરીયા રોગથી પીડીત હતો.

## નિકોડીયામાં ભાઈએ બહેનને માર માર્યો

તલોદ તાલુકાના નિકોડીયા ગામે પિતરાઈ બહેનના ચારિત્ર્ય અંગે ગામમાં અનેક ચર્ચાઓ થતાં આવેશમાં આવી જઈ પરિવારના સભ્યોની ઉપસ્થિતિમાં બહેનને માર માર્યો હતો. જે અંગે ગુરૂવારે બે મહિલાઓ સહિત પાંચ જણા વિરૂધ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

નિકોડીયા ગામે રહેતા રશ્મિકાબેન પ્રજાપતિ નામની યુવતીના ચારિત્ર્ય અંગે તેમની બાજુમાં રહેતા પુષ્પાબેન દ્વારા ખોટી વાતો કરાતી હતી. જેથી તેમની બાજુમાં રહેતા ગોપાલભાઈ સાંભળી જતા બોલાચાલી થઈ હતી. દરમિયાન રશ્મિકાબેનના કપડા તેમના પિતરાઈ ભાઈઓ દ્વારા ફાડી નાખી મારઝૂડ કરાઈ હતી. જેથી રશ્મિકાબેને ૧૮૧ અભયમ હેલ્પ લાઈનની મદદ લીધી હતી. રશ્મિકાબેને ગુરૂવારે રસિકભાઈ મોહનભાઈ પ્રજાપતિ, જીગ્નેશભાઈ મોહનભાઈ પ્રજાપતિ, ગોપાલભાઈ રસિકભાઈ પ્રજાપતિ, પુષ્પાબેન રસિકભાઈ પ્રજાપતિ, રેણુકાબેન જીગ્નેશભાઈ પ્રજાપતિ વિરૂધ્ધ તલોદ પોલીસે ફરિયાદ નોંધાવી હતી.

# મોડાસા શહેરમાં જુગાર રમતા ૬ નબીરાઓ ઝડપાયા

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં અસામાજીક પ્રવૃત્તિઓએ માઝા મુકી છે. હમણા થોડા સમય પહેલા પકડાયેલા ડબ્બા ટ્રેડીંગની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યાં આજે બપોરે મોડાસા શહેરના કોલેજ રોડ પરના એક કોમ્પલેક્ષમાંથી જુગાર રમાડાતો હોવાની બાતમીના આધારે મોડાસા ટાઉન પોલીસે છાપો મારતાં જુગાર રમતા નબીરાઓમાં નાસભાગ મચી ગઈ હતી. જેમાં મોડાસા ટાઉન પોલીસે ૬ નબીરાઓને ઝડપી પાડ્યા હતા જ્યારે ત્રણ નબીરાઓ નાસી છુટ્યા હતા.

મોડાસા શહેરના કોલેજ રોડ પર આવેલા સેન્ટર પોઈન્ટ નામના કોમ્પલેક્ષમાં જુબેન ઉર્ફે અજગર સુથાર પોતાની દુકાનમાં જુગારધામ ચલાવતો હોવાની બાતમીના આધારે આજે બપોરે ૪ વાગ્યાની આસપાસ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.જે. ચૌધરી અને તેમની ટીમે દરોડો પાડતાં દુકાનમાં જુગાર અને પાના પત્તાની તીન પત્તી જુગાર રમતા ૬ નબીરાઓ ઝડપાઈ ગયા હતા, જ્યારે ત્રણ નબીરાઓ દુકાનની પાછળ આવેલી દુકાનની દિવાલ કુદીને નાસી છુટવામાં સફળ થયા હતા. મોડાસા ટાઉન પોલીસે છાપો મારતા સેન્ટર પોઈન્ટ કોમ્પલેક્ષમાંથી ઝડપાયેલા ૬ નબીરાઓ સાથે અંદાજે અડધો લાખ રૂપિયા જેટલી માતબર રકમ અને ૭ મોબાઈલ ઝડપી પાડી રકમ જપ્ત કરી હતી. કોલેજ રોડ પર જુગારધામ પકડાયાની વાત આખા શહેરમાં ફેલાઈ જતાં કોલેજ રોડ પર લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. મોડાસા શહેર ટાઉન પોલીસે ૬ નબીરાઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તેમજ ફરાર ૩ નબીરાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ઝડપાયેલા નબીરાઓમાં માસૂમ ઈબ્રાહીમ બાકરોલીયા, નાજીમહુસેન ગુલુભાઈ ગેણા, રીયાજ હસનભાઈ ટીંટોઈયા, ઝાકીર અબ્દુલ રહેમાન પટેલ, નદીમ હુસેનભાઈ બાંડી, સાહીર હુસેન સુથાર આ તમામે તમામ રહે. મોડાસા, જી. અરવલ્લીના છે. ત્યારે નાસી છુટવામાં સફળ રહેલા જુબેન ઉર્ફે અજગર સુથાર, સકિંદર કાંકરોલીયા, આમીર ઉર્ફે સલીમ મનવા તમામે રહે. મોડાસા, જી. અરવલ્લીના છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

# બિલ્ડરના ભાઈનું અપહરણ કરીને ખંડણી માંગનાર ઝબ્બે

## ૫૦ લાખ રૂપિયા ખંડણીની માંગ કરાઈ હતી : ઉંડી તપાસ

પાલનપુર, તા.૮

પાલનપુર એલસીબી પોલીસેને મોટી સફળતા મળી છે. ડીસાના એક બિલ્ડરના ભાઈનું એક મહિના પહેલા એક અજાણ્યા શખ્સે તેના સાગરીતો સાથે મળીને અપહરણ કરી ૫૦ લાખની ખંડણીની માંગ કરી તેને છોડી મૂકી દીધા બાદ તેઓ નાસી છુટયા હતા.

આ ઘટનામાં નાસી છુટેલા બે શખ્સોને પાલનપુર એલસીબી પોલીસે ગુરુવારે દાંતા તાલુકાના બેડા ગામથી પકડી પાડયા છે. તેમજ આ આરોપીઓને ડીસા તાલુકા પોલીસને સોપી દેવાયા હતા. ડીસામાં બિલ્ડીંગ કન્સ્ટ્રકશનનો વ્યવસાય કરતા પોપટલાલ નગાજી માળીના નાના ભાઈ સુરેશ નગાજી માળીનું ગત તા. ૩-૪-૧૫ના રોજ ડીસા તાલુકાના કોટ ગામાના કાંટ ગામના બાબુલાલ દલાજી માળીએ તેના સાગરીતો સાથે મળી ઓલ્ટો કાર નં.જીજે.૮.આર.૨૮૫૭માં અપહરણ કર્યું હતું. ત્યાર પછી મોડીરાત્રે પોપટભાઈ માળીને ફોન કરી ૫૦ લાખની ખંડણીની માંગણી કરી હતી તેથી બિલ્ડર પોપટભાઈ માળીએ ડીસા તાલુકા પોલીસને આ ઘટનાની જાણ કરી હતી. આ અંગેની જાણ થતાં ડીસા પોલીસના પી આઈ મોબાઈલ લોકેશન મેળવવાની કાર્યવાહી સાથે અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી હતી. આ દરમિયાન બીજા દિવસે સોમવારે અપહરણકર્તાઓએ સુરેશને ધાનેરાથી પાંથાવાડા જવાના રસ્તા પર ઉતારી નાસી છુટયા હતા. એેખ મહિનાથી નાસી છુટેલા ઓરોપીઓને પકડવા પાલનપુર એલસીબીએ ટીમ બનાવી તજવીજ હાથ ધરી હતી. મળેલી બાતમીના આધારે એલસીબીની ટીમે બેડા ગામેથી ડીસાના કાંટ ગામના બાબુલાલ દલાજીમાળી તેમજ પાલનપુરના ચડોતર ગામના ભરતભાઈ ઈશ્વરભાઈ પંચાલને પકડી પાડી પાલનપુર ખાતે લાવ્યા હતા. વધુ કાર્યવાહી માટે ડીસા તાલુકાના પોલીસને સોપવાની તજવીજ હાથ ધરી હતી.

# કિડની, હાર્ટ, લીવર સારવાર અર્થે મુખ્યપ્રધાન દ્વારા સહાય

## મુખ્યપ્રધાન તરીકેની જવાબદારી સંભાળ્યા બાદથી ઉદાર ભાવે મુખ્યમંત્રી રાહત ફંડમાંથી સહાય આપતા રહ્યા છે

અમદાવાદ, તા.૮

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સૌના આરોગ્યની માતૃવાત્સલ્ય ભાવથી ચિંતા સેવતાં તેમના ૧ વર્ષના શાસનકાળ દરમ્યાન મુખ્યમંત્રી રાહત ફંડમાંથી ૪૨૭ દરર્દીઓને ૧.૮૨ કરોડની સહાય કિડની, કેન્સર, હદય અને લીવરના રોગની સારવાર માટે આપી નવજીવન બક્ષ્યું છે.

આનંદીબેન મે-૨૦૧૪માં રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળ્યો ત્યારથી જ આવા ગંભીરતમ રોગોની સારવાર માટે માનવીય સંવેદના સ્પર્શી ભાવ સાથે મુખ્યમંત્રી રાહય ફંડમાંથી ઉદાત સહાય તેઓ આપતા રહ્યા છે. શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અન્વયે શાળાએ જતા બાળકોને હદય, કિડની, કેન્સર, કોકલીયર ટ્રાન્સપ્લાન્ટ લિવર, પ્રત્યારોપણ સહિત સુપર સ્પેશયાલીટી સેવાઓ રાજય સરકાર પૂરી પાડે છે. તંદુરસ્ત-સ્વસ્થ ભાવિ પેઢીના નિર્માણ માટે પણ મુખ્યમંત્રી આરોગ્ય સેવાઓના વ્યાપ બાળકો સુધી વિસ્તારીને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં ૧.૫૦ કરોડ બાળકોની આરોગ્ય તપાસણી સરકારે કરાવી હતી અને ૧૫ લાખ ૧૩ હજાર બાળકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી. ૬૨૦૭ જેટલા બાળકોને આવા ગંભીર રોગમાં ઘનિષ્ઠ સારવાર રાજય સરકારે આપી છે. સૌની આરોગ્ય સુખાકારી સચવાઈ રહે તે માટે રાજય સરકાર દાયિત્વ ભાવ સાથે ખડે પગે તત્પર છે.

# વડોદરામાં પથ્થરમારાના બનાવ બાદ સઘન સુરક્ષા

અમદાવાદ, તા.૮

વડોદરામાં એક જ કોમના ટોળાનો પોલીસ પર પથ્થરમારો થયા બાદ હવે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. બનાવના એક દિવસ બાદ પણ તંગદિલી ફેલાયેલી છે. પોલીસે સાવચેતીના પગલા લીધા છે. શહેરના બરાનપુરા વિસ્તારમા ગત મોડી રાત્રે એક કોમ વચ્ચે ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતા ઘટના સ્થળ પર પહોચેલી પોલીસ પર ૫૦ લોકોના ટોળાએ પથ્થરમારો કર્યો જેમાં બે પોલીસકર્મીઓ ઈજાગ્રસ્ત થયા છે. તેમજ પથ્થરમારામાં પોલીસવાનનો કાચ પણ તૂટી ગયો હતો આ અંગે પોલીસે રાયોટીંગનો ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ વડોદરા શહેરના બરાનપુરા વિસ્તારમાં આવેલા ચુનારાવાસમાં ગત મોડી રાત્રે એક જ કોમના બે જુથ વચ્ચે ઝઘડો થયો હતો.

## ખેડબ્રહ્મામાં વાલ્મિકી સમાજનો પ્રથમ સમુહલગ્ન સમારોહ યોજાયો

ખેડબ્રહ્માના અંબિકા માતાજી મંદિર પરિસરમાં ૧૬ ગામ વાલ્મિકી સમાજનો પ્રથમ સમુહલગ્ન સમારોહનું શુક્રવારે આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ૧૩ યુગલોએ સંતો અને તાલુકાના અગ્રણીઓની ઉપસ્થિતિમાં પ્રભુતામાં પગલા પાડયા બાદ આર્શીવચન લીધા હતા.

ખેડબ્રહ્મામાં ૧૬ ગામ વાલ્મિકી સમાજ તથા વાલ્મિકી સમાજ સેવા સમિતિ દ્વારા પ્રથમ સમુહલગ્ન સમારોહનું સંત ડાહ્યારામ રામદાસ બાપુ, ચંદુરામ કિશનદાસ, કાશીરામ શિવદાસ તથા કનુરામ બાપુની ઉપસ્થિતિમાં આયોજન કવામાં આવ્યુ હતું. ૧૩ નવ યુગલોએ પ્રભુતામાં પગલા પાડયા હતા. દાતાઓ તરફથી પાનેતર, ગાદલા, પલંગ, તિજોરીઓ, પિત્તળના થાળ, તાંબાનું બેડુ, મામાટલા, કુકર, પવાલી તથા રોકડ સહિત ૪૦ ઘરવખરીની ચીજવસ્તુઓ કન્યાદાનમાં આપવામાં આવી હતી. પ્રથમ સમુહલગ્નના ભોજન ખર્ચનું દાન ગલોડીયાના કમળાબેન હરકિશન જોષી પરિવાર તરફથી મળ્યુ હતું. પ્રથમ સમુહ લગ્નોત્સવને સફળ બનાવવા પ્રમુખ ઈશ્વરભાઈ.એ.મકવાણા, ઉપપ્રમુખ દિપકભાઈ. પી. સોલંકી, મંત્રી ચુનીલાલ. બી. સોલંકી, નાથાભાઈ. ડી. પરમાર, મગનભાઈ. એસ. રાઠોડ સહિત વ્યવસ્થાપક કમિટી, કોટવાલ, ભંડારી સહિત સમાજે જહેમત ઉઠાવી હતી.

## લાખોના ઉઘરાણા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અધિકારી કે.ડી. સોરલીયા સાહેબ પાસે આપણે સેટીંગ છે. પહેલા રૂ. ૫૦ હજારની વ્યવસ્થા કરજો પછી બીજા...ડોકયુમેન્ટસ આપી જાવો અને રૂ. ૫૦ હજાર આપી જાવ... સેટીંગ થઈ જશે...તેમ કહીને કનુ વણકર નોકરીનું સેટીંગ કરવાના બહાને રૂપિયા ઉમેદવારો પાસેથી ઉઘરાવતો હતો અને અશોકભાઈના સાળાની દિકરીને પાસ કરાવવા પણ રૂપિયા માંગ્યા હતાં. અશોકભાઈએ ક્રોસ ચેક કર્યુ કે આ નામનાં કોઈ અધિકારી મહેસુલ વિભાગમાં છે કે કેમ? જાણ થઈ કે આવું કોઈ આખા વિભાગમાં નથી. જેથી શંકા જતાં ડીએસપી વિરેન્દ્રસિંહ યાદવને ઘટનાની જાણ કરાઈ હતી. જેને આધારે આજે ગાંધીનગર એલસીબીના ઈન્ચાર્જ અધિકારી આર.એન. વાઘેલાએ તેમની ટીમ સાથે મળીને છટકું ગોઠવ્યું અને મીના બજારમાંથી નોકરીના બહાને ઉઘરાણા કરતાં કનુ વણકરની ધરપકડ કરી તેના આકા કોણ છે? અને તેના કોની કોની સાથે કનેકશન છે? તે સહિતની પુછપરછ શરુ કરી છે.

## હોટ ફેવરીટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હીલસ્ટેશનોનું સૌંદર્ય માણવા ઉપડી ગયા છે.

વિદેશોમાં થાઈલેન્ડ, મલેશિયા જેવા દેશોને પ્રવાસ ગુજરાતીઓ ખુબ પસંદ કરે છે. આ બંને દેશોની જોઈન્ટ ટુરના પેકેજ મોટાભાગે બુક થઈ ગયા છે. થોડાક વધુ પૈસા ખર્ચી શકે તેવા પ્રવાસીઓ સ્વીટઝરલેન્ડ ફરવા જવાનુ બુકીંગ કરાવે છે.

સ્થાનિક વિસ્તારોમાં ગીર સહિત સમગ્ર સૌરાષ્ટ્ર પ્રવાસીઓમાં ખુબ લોકપ્રિય છે. ખાનગી ટેકસી કરી અહીં હરવા ફરવા જનારાઓની સંખ્યા ખુબ વધુ છે. ઉનાળુ વેકેશન પડતા જ સૌરાષ્ટ્રની તમામ ટ્રેનો હાઉસફુલ થઈ રહી છે. હોટલ, ગેસ્ટહાઉસમાં ક્યાય જગ્યા નથી છેક દીવ-સોમનાથ સુધી પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે.


**જાહેરાત ક્રમાંક - હરાજી/૫/૨૦૧૫-૧૬, તા. ૭/૫/૨૦૧૫**

નાયબ વન સંરક્ષકશ્રી, ગાંધીનગર દ્વારા નીચે જણાવેલ ગ્રામવનના ઉભા વૃક્ષોની બીજા તબક્કામાં જાહેર હરાજી ટેન્ડર પદ્ધતિથી કરવાની થતી હોઈ ઈજારદારો પાસેથી સીલબંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેનું ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીમાંથી રૂ. ૧૫૦/- ભરી તા. ૨૦/૫/૨૦૧૫ સુધી મેળવી શકાશે. ભરેલ ટેન્ડર ફોર્મની ડિપોઝીટની રકમ રૂ. ૨૫,૦૦૦/-ના ડ્રાફ્ટ સાથે તા.૨૧/૫/૨૦૧૫ના રોજ ૧૫.૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં નાયબ વન સંરક્ષકશ્રી, ગાંધીનગર વન વિભાગ, ઘ-૪ નર્સરી, સેક્ટર-૧૭ (ફોન નં. ૦૭૯-૨૩૨૨૧૨૬૦) ગાંધીનગરની કચેરીને મળે તે રીતે મોકલી આપવાના રહેશે. અને તા. ૨૧/૫/૧૫ના રોજ ૧૬.૦૦ કલાકે માંગણીદારોની હાજરીમાં ટેન્ડર ખોલવામાં આવશે. હરાજીની શરતો ટેન્ડર ફોર્મ સાથે આપવામાં આવશે. આવેલ બધા ટેન્ડરો અથવા તે પૈકીનું કોઈપણ એક ટેન્ડર કારણો વગર અસ્વીકાર કે અંશતઃ સ્વીકાર કરવાનો, અગર તો હરાજી રદ કરવાનો નાયબ વન સંરક્ષકશ્રીને અબાધિત હક્ક રહેશે.

| અ. નં. | ગ્રામવનનું નામ | વૃક્ષોની સંખ્યા | નીકળનાર અંદાજીત મુદ્દામાલ | |
|---|---|---|---|---|
| | | | ઈમારતી ઘ.મી. | જલાઉ ક્વિ. |
| ૧ | હાલીસા, તા. દહેગામ વી-૧ પિયત ગ્રામવન સને. ૨૦૦૦-૨૦૦૧ હે. ૨.૦૦ | ૬૯૫ | ૨૨.૦૪૫ | ૮૧૭.૦૦ |

સહી/-
(કે. ટી. પરમાર)
નાયબ વન સંરક્ષક, ગાંધીનગર

માહિતી/૨૯૭/૨૦૧૫-૧૬